પેજ 3

## સલમાન ખાને બાંદ્રા વેસ્ટ સ્થિત ફ્લેટ ૨.૮૮ કરોડમાં ખરીદી ૩.૫ કરોડમાં વેચ્યો



મુંબઈ, તા. ૨૯ : સલમાન ખાન હાલમાં જ એવા અહેવાલોને કારણે ચર્ચામાં રહ્યો હતો કે સુપરસ્ટાર પાંચ દાયકાથી વધુ સમયથી તેમનું ઘર રહેલા ગેલક્સી એપાર્ટમેન્ટ્સ છોડીને મુંબઈના બાંદ્રામાં એક નવા છ માળના સીફ્રન્ટ મકાનમાં રહેવા જઈ રહ્યો છે. હવે, રિયલ એસ્ટેટના વધુ એક સમાચારમાં પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો (સીઆરઈ મેટ્રિક્સ દ્વારા મેળવેલા) અનુસાર, અભિનેતા સલમાન ખાને બાંદ્રા વેસ્ટમાં એક ફ્લેટ રૂ.૩.૫ કરોડમાં વેચ્યો છે. અભિનેતાએ ૨૦૧૫માં આ ફ્લેટ રૂ.૨.૮૮ કરોડમાં ખરીદ્યો હતો.

## સલમાન ખાને આસામ પૂર રાહત અભિયાન શરૂ કર્યું

**આલિયા** ભટ્ટે લોકોને મદદ કરવા અપીલ કરી



મુંબઈ, તા. 29 : બોલિવૂડ કલાકારો સલમાન ખાન અને આલિયા ભટ્ટે પૂરગ્રસ્ત આસામને પોતાનો સહયોગ આપ્યો છે. જ્યારે સલમાને ભોજન, દવાઓ અને જરૂરિયાતની ચીજવસ્તુઓ પૂરી પાડવા માટે તબક્કાવાર રાહત અભિયાન શરૂ કર્યું છે, ત્યારે આલિયાએ સોશિયલ મીડિયા પર નાગરિકોને રાહત કાર્યોમાં યોગદાન આપવા વિનંતી કરી છે, જેમાં આ સંકટની વારંવાર બનતી પ્રકૃતિ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આસામ તાજેતરના વર્ષોમાં સૌથી ભયાનક પૂરની હોનારત સામે ઝઝૂમી રહ્યું છે, ત્યારે બોલિવૂડ સેલિબ્રિટીઝ રાહત કાર્યોમાં મદદ માટે આગળ આવ્યા છે. અભિનેતા સલમાન ખાને તેની ચેરિટેબલ સંસ્થા, 'બીઈંગ હ્યુમન' દ્વારા બહુ-તબક્કાવાર માનવતાવાદી પહેલ શરૂ કરી છે, જ્યારે આલિયા ભટ્ટે દેશભરના લોકોને આ સંકટથી પ્રભાવિત થયેલા લોકોને મદદ કરવા અપીલ કરી છે.

## રણબીર કપૂરની 'રામાયણ'ની 75 કરોડમાં ટી-સીરીઝ સાથે મ્યુઝિક ડીલ



મુંબઈ, તા. 29: દિગ્દર્શક નિતેશ તિવારીની બહુપ્રતીક્ષિત પૌરાણિક મહાકાવ્ય ડ્રામા 'રામાયણ'ના ટ્રેલર રિલીઝ થવામાં હવે ગણતરીના કલાકો જ બાકી છે ત્યારે ચાહકોમાં કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. આ ઉત્સાહ અને ચર્ચા વચ્ચે એક નવા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, નિર્માતાઓએ ટી-સીરીઝ સાથે મ્યુઝિક રાઇટ્સ માટે એક મોટો સોદો કર્યો છે, જેનાથી ફિલ્મના સાઉન્ડટ્રેક માટે મોટી એડવાન્સ રકમ મેળવી લીધી છે. અહેવાલ મુજબ, ટી-સીરીઝે રામાયણ ફ્રેન્ચાઇઝીના બંને ભાગો માટેના મ્યુઝિક રાઇટ્સ મેળવી લીધા છે અને કથિત રીતે રૂ. 75 કરોડની રિફંડેબલ એડવાન્સ રકમ ચૂકવી છે.

## ગુરુ પૂર્ણિમાના દિવસે અભિનેત્રી કરિશ્મા તન્નાએ પુત્રને જન્મ આપ્યો



મુંબઈ, તા. 29: અભિનેત્રી કરિશ્મા તન્ના અને તેમના પતિ વરુણ બાંગેરા માતા-પિતા બન્યા છે. તેમણે 29 જુલાઈના રોજ ગુરુ પૂર્ણિમાના અવસરે તેમના પ્રથમ બાળક, પુત્રનું સ્વાગત કર્યું છે. આ દંપતીએ સોશિયલ મીડિયા પર આ સમાચાર શેર કર્યા હતા. પોસ્ટ જોયા બાદ ઘણા સેલિબ્રિટીઓએ તેમને અભિનંદન આપ્યા હતા. કરિશ્માએ પોસ્ટ કર્યું હતું કે, ''ગુરુ પૂર્ણિમાના પવિત્ર દિવસે, જન્મ. અમારા સૌથી મોટા આશીર્વાદ અહીં છે. 29 જુલાઈ, 2026 અમારી દુનિયામાં આપનું સ્વાગત છે. નવજાત શિશુ, કરિશ્મા અને વરુણ.''



■ જાપાનના ક્યુશૂ ટાપુ પર આવેલા વિનાશક ભૂકંપ બાદ ક્ષતિગ્રસ્ત મકાનો અને કાટમાળ વચ્ચે જીવિત બચેલા લોકોને શોધતા આર્મી અને ઇમરજન્સી સર્વિસના જવાનો. આ કુદરતી આફતમાં ૧૮થી વધુ લોકોના મોત થયા છે અને ૧૫,૦૦૦થી વધુ ઘરોમાં પાણી તથા વીજળીનો પુરવઠો ખોરવાયો છે. કુમામોટોના નુયામઝુ વિસ્તારમાં ૭.૧ ની તીવ્રતાના આંચકાને કારણે ૧૬મી સદીના બૌદ્ધ મંદિરના દરવાજા ધરાશાયી થયા. ભૂકંપની તીવ્રતા એટલી ગંભીર હતી કે પાંચ વર્ષ પહેલાં જ રિપેર કરવામાં આવેલા આ દરવાજા ક્ષણભરમાં જમીનદોસ્ત થઈ ગયા હતા.

# ભારતમાં રોડ પ્રદૂષણથી દર ૬ મિનિટે એક અકાળ મૃત્યુ

**૨૦૨૪માં** દર ૩૪ મિનિટે બાળકોમાં અસ્થમાનો એક નવો કેસ સામે આવ્યો

**દેશના** ૭૯% NOx અને ૬૪% PM2.5 ઉત્સર્જન માટે બસ-ટ્રક જવાબદાર

નવી દિલ્હી, તા. ૨૯ (PTI) એક નવા અહેવાલ મુજબ, ભારતમાં રોડ ટ્રાન્સપોર્ટનું પ્રદૂષણ એ જાહેર આરોગ્ય માટે એક મોટી સમસ્યા છે, આ પ્રદૂષણના કારણે ૨૦૨૪માં દર છ મિનિટે એક અકાળ મૃત્યુ અને દર ૩૪ મિનિટે બાળકોમાં અસ્થમાનો એક નવો કેસ સામે આવ્યો છે.

રિપોર્ટમાં ઉમેરવામાં આવ્યું છે કે, દિલ્હી અને નેશનલ કેપિટલ રીજન (એનસીઆર) પર આની વધુ અસર પડી છે, એનસીઆરમાં માત્ર ૫% વસ્તી હોવા છતાં, દેશના રોડ ટ્રાન્સપોર્ટથી બાળકોમાં થતા અસ્થમાના ૨૩% કેસ એકલા એનસીઆરમાં નોંધાયા છે.

આ અહેવાલ, 'હેલ્થ બેનિફિટ્સ ઓફ ઝીરો-એમિશન ટ્રાન્સપોર્ટ થ્રુ ૨૦૫૦' આંતરરાષ્ટ્રીય કાઉન્સિલ ઓન ક્લીન ટ્રાન્સપોર્ટેશન (આઈસીસીટી) દ્વારા બુધવારે બહાર પાડવામાં આવ્યો હતો.

આઈસીસીટીના વરિષ્ઠ સંશોધક અને આ અભ્યાસના સહ-લેખક લિંગઝી જિનએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "આ સમસ્યા અત્યંત અસમાન છે. ભારતમાં રોડ ટ્રાન્સપોર્ટના કારણે થતા બાળકોના અસ્થમાના કેસોમાં લગભગ ચોથો ભાગ એનસીઆર ધરાવે છે... આ એવા બાળકો છે જેઓ તેમની દિનચર્યા દરમિયાન ટ્રાફિકના પ્રદૂષણના સંપર્કમાં આવે છે."

આ વિશ્લેષણમાં ભારતના ટ્રાન્સપોર્ટ ઉત્સર્જન પ્રોફાઈલમાં ભારે વાહનોની ખૂબ મોટી ભૂમિકા નોંધવામાં આવી છે. જોકે, ટ્રક અને બસ વાહનોના કાફલામાં પ્રમાણમાં નાનો હિસ્સો ધરાવે છે, પરંતુ તેઓ વાયુ પ્રદૂષણમાં તેનું યોગદાન ઘણું વધુ છે. ભારતમાં ૨૦૨૪માં રોડ ટ્રાન્સપોર્ટમાંથી નીકળતા સાયલન્સરના એનઓએક્સ ઉત્સર્જનમાં ૭૯% અને પીએમ2.5 ઉત્સર્જનમાં ૬૪% હિસ્સો ભારે વાહનોનો હતો.

# ટેલિગ્રામના સ્થાપક દુરોવ સામે રશિયાનો આતંકવાદમાં મદદનો આરોપ

**યુક્રેન** સાથે જોડાયેલા ચેનલ અને બોટ ન હટાવવાનો અને ત્યાંની ગુપ્તચર એજન્સીઓને સહાયનો આરોપ

**આંતરિક** સુરક્ષા સંસ્થાએ આંતરરાષ્ટ્રીય વોન્ટેડ જાહેર કર્યા; દોષી ઠરે તો આજીવન કેદની શક્યતા

મોસ્કો, તા. 29 (એપી): રશિયાની મુખ્ય આંતરિક સુરક્ષા એજન્સી એફએસબીએ બુધવારે જણાવ્યું કે મેસેજિંગ એપ ટેલિગ્રામના સ્થાપક પાવેલ દુરોવ સામે આતંકવાદને મદદ કરવાનો ગુનો નોંધવામાં આવ્યો છે અને તેમને આંતરરાષ્ટ્રીય વોન્ટેડ યાદીમાં મૂકવામાં આવ્યા છે. દોષી સાબિત થશે તો તેમને આજીવન કેદની સજાનો સામનો કરવો પડી શકે છે.

રશિયામાં જન્મેલા અને કારકિર્દીની શરૂઆત કરનાર દુરોવ બાદમાં વિદેશમાં સ્થાયી થયા હતા. તેમની સામે કાર્યવાહી એવા સમયે કરવામાં આવી છે જ્યારે રશિયન સરકાર દેશમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતી એપ્સમાંની એક ટેલિગ્રામ પર નિયંત્રણ કડક કરી રહી છે. યુક્રેન સામે 2022માં યુદ્ધ શરૂ થયા બાદ ક્રેમલિને ઈન્ટરનેટ પર સંપૂર્ણ નિયંત્રણ સ્થાપિત કરવાના પ્રયાસો વધુ તેજ કર્યા છે.

એફએસબીએ આરોપ લગાવ્યો કે ટેલિગ્રામે એવા અનેક ચેનલ, ચેટ અને બોટ દૂર કર્યા નથી, જેનો ઉપયોગ યુક્રેનની ગુપ્તચર એજન્સીઓ તેમજ આતંકવાદી અને ઉગ્રવાદી સંગઠનો તોડફોડ, આતંકી હુમલા, સામૂહિક હત્યા અને સાયબર છેતરપિંડી માટે કરતા હતા.

એજન્સીના જણાવ્યા મુજબ, ટેલિગ્રામના એક લોકપ્રિય ડેટિંગ ચેટબોટ મારફતે યુક્રેનની સુરક્ષા એજન્સીઓ રશિયન નાગરિકોને ફસાવી તોડફોડ અને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે ભરતી કરતી હતી. જુલાઈ 2025થી અત્યાર સુધીમાં 12થી 22 વર્ષની વયના 46 લોકોને આ મામલે અટકાયત કરવામાં આવી છે.

દુરોવે અગાઉ દાવો કર્યો હતો કે રશિયન સત્તાધીશો ટેલિગ્રામની પહોંચ મર્યાદિત કરવા માટે ખોટા આરોપો ઘડી રહ્યા છે અને આ પગલું ગોપનીયતા તથા અભિવ્યક્તિની સ્વતંત્રતા દબાવવાનો પ્રયાસ છે. રશિયામાં ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, એક્સ, સિગ્નલ અને વાઈબર જેવી અનેક સેવાઓ પર પ્રતિબંધ અથવા નિયંત્રણ છે, જ્યારે સરકાર પોતાના MAX મેસેજિંગ પ્લેટફોર્મને પ્રોત્સાહન આપી રહી છે. દુરોવ સામે 2024માં ફ્રાન્સમાં પણ ગેરકાયદે પ્રવૃત્તિઓ માટે ટેલિગ્રામનો ઉપયોગ થવાના આરોપસર કાર્યવાહી કરવામાં આવી હતી.

**સાયબર સિક્યોરિટી અને ડેટા ચોરીના ખતરા સામે અમેરિકાનું આકરું કદમ**

# ચીની હ્યુમનોઇડ રોબોટ્સ માટે યુએસના દરવાજા બંધ

**ચીની** હ્યુમનોઇડ રોબોટ્સનો વૈશ્વિક બજાર હિસ્સો લગભગ ૮૫ ટકા સુધી પહોંચી ગયો છે

હોંગકોંગ, તા. ૨૯ (એપી) યુએસના ફેડરલ કોમ્યુનિકેશન્સ કમિશને મંગળવારે જણાવ્યું હતું કે, તે ચીનને લક્ષ્ય બનાવતા એક પગલામાં વિદેશી ઉત્પાદિત હ્યુમનોઇડ રોબોટ્સની આયાત પર પ્રતિબંધ મૂકશે અને દલીલ કરી હતી કે તેઓ રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમ ઊભું કરે છે.

આ નિર્ણય બે વિશ્વ નેતાઓ વચ્ચે ટેક્નોલોજી રેસ આગળ વધી રહી છે ત્યારે દ્વિપક્ષીય સંબંધોને તણાવપૂર્ણ બનાવી શકે છે. ચીન યુએસ અને અન્ય સ્પર્ધકો કરતાં નોંધપાત્ર રીતે વધુ હ્યુમનોઇડ રોબોટ્સ બનાવે છે અને વિશ્લેષકોનો અંદાજ છે કે, ચીની હ્યુમનોઇડ રોબોટ્સનો વૈશ્વિક



બજાર હિસ્સો લગભગ ૮૫ ટકા સુધી પહોંચી ગયો છે.

એફસીસીના પ્રતિબંધમાં હ્યુમનોઇડ રોબોટ્સની નવી આયાત, ચાર પગવાળા રોબોટ ડોગ્સ તેમ જ વિદેશી બનાવટના પાવર ઈન્વર્ટરનો સમાવેશ થાય છે.

આ નિર્ણય લેતી વખતે એફસીસીએ જણાવ્યું હતું કે, વિદેશોમાં ઉત્પાદિત આ અદ્યતન રોબોટ્સ યુએસ માટે સપ્લાય ચેઈનની નબળાઈઓ તેમ જ સાયબર સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષાના જોખમો ઊભા કરે છે.

એફસીસીના ચેરપર્સન બ્રેન્ડન કારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ પગલું અમેરિકાની નિર્ણાયક સપ્લાય ચેઈનને સુરક્ષિત કરવા માટે હતું.

અમેરિકા ચીની બનાવટના ડ્રોન પર તાજેતરના પ્રતિબંધો સહિત આયાત પર પ્રતિબંધ મૂકીને ચીની ટેક્નોલોજીને દૂર રાખવા માટે પગલાં લઈ રહ્યું છે. એવા સમયે જ્યારે ચીની એઆઈ ઝડપથી આગળ વધી રહ્યું છે, ત્યારે યુએસ ચીની ઓપન-સોર્સ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મોડલ્સ પર પણ નિયંત્રણો મૂકવા અંગે વિચારણા કરી રહ્યું છે.

# બિહાર ટ્રાન્સજેન્ડર બોર્ડે મોદીના નામે મંદિર બનાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી

પટના, તા. 29 (PTI) બિહાર સ્ટેટ ટ્રાન્સજેન્ડર વેલફેર બોર્ડે બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સમર્પિત એક મંદિર બનાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે, બોર્ડના સભ્ય રંજન સિંહે જણાવ્યું હતું કે, મોદીએ આ સમુદાયને સન્માન અને અધિકારો આપ્યા છે.

સિંહે રાજ્ય સરકારના સામાજિક કલ્યાણ વિભાગ હેઠળ કામ કરતા બોર્ડની પ્રથમ બેઠકમાં આ પ્રસ્તાવ મૂક્યો હતો.

સિંહે જણાવ્યું હતું કે, "બિહારમાં ટ્રાન્સજેન્ડર સમુદાયનું પોતાનું કોઈ મંદિર ન હોવાથી મેં નરેન્દ્ર મોદી માટે મંદિર બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. કારણ કે, તેમણે અમને સન્માન અને અધિકારો આપ્યા છે. આ પ્રસ્તાવને તમામ સભ્યોનું સમર્થન મળ્યું હતું અને બોર્ડ દ્વારા તેને મંજૂરી આપવામાં આવી હતી."

બિહાર સરકારે ટ્રાન્સજેન્ડર સમુદાયના અધિકારોનું રક્ષણ કરવા અને તેમના સામાજિક વિકાસ તથા સશક્તિકરણ માટેનાં પગલાં લેવા ગયા વર્ષે ઓગસ્ટમાં વેલફેર બોર્ડની રચના કરી હતી.

સિંહે જણાવ્યું હતું કે, "ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ) એક્ટ, 2019 લાગુ થયા બાદ બિહાર સ્ટેટ ટ્રાન્સજેન્ડર વેલફેર બોર્ડની આ પ્રથમ બેઠક હતી, જેણે ટ્રાન્સજેન્ડર સમુદાયને રાજ્ય સચિવાલયમાં સંસ્થાકીય પ્રતિનિધિત્વ પૂરું પાડ્યું હતું."

# થાઇલેન્ડમાં ભારતીયોનું અપહરણ: ૫ ભારતીયોની ધરપકડ

**ફ્લાઇટ** પકડે તે પહેલાં જ પકડી લેવાયા સસ્તા હોલિડે પેકેજની લાલચ આપી પટાયામાં બંધક બનાવ્યા, ટોર્ચર કરી ક્રિપ્ટોમાં ખંડણી માગી

બેંગકોક, તા. ૨૯ (PTI): સ્થાનિક મીડિયા અહેવાલ અનુસાર, ત્રણ ભારતીય નાગરિકોનું અપહરણ કરવા અને તેમની મુક્તિ માટે ખંડણી માંગવાના આરોપસર થાઈલેન્ડમાં પાંચ ભારતીય નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસને ટાંકીને 'બેંગકોક પોસ્ટ'એ અહેવાલ આપ્યો છે કે, પાંચ શંકાસ્પદોની મંગળવારે બેંગકોકના ક્લોંગ તાન વિસ્તારની એક હોટેલમાંથી ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે તેઓ બહાર જતી ફ્લાઇટમાં બેસવાની રાહ જોઈ રહ્યા હતા.

શંકાસ્પદોની ઓળખ અવતાર સિંહ (૩૮), જગજીત સિંહ (૩૮), રામબાલક કુમાર (૨૪), સુખબીર સિંહ (૩૭) અને કુલરા સિંહ (૨૭) તરીકે થઈ છે.

શંકાસ્પદોએ તપાસકર્તાઓને જણાવ્યું હતું કે, તેમને એક પાકિસ્તાની નાગરિકે ત્રણ ભારતીય પુરુષો - જે તમામ પ્રવાસીઓ હતા, તેમનું અપહરણ કરવા કહ્યું હતું, જેમને તેઓ પાછલા એક મહિનાથી ચેટ એપ્લિકેશન દ્વારા ઓળખતા હતા. અહેવાલ મુજબ, આ કાવતરાનો મુખ્ય સૂત્રધાર દુબઈમાં હોવાનું માનવામાં આવે છે અને તેણે ક્રિપ્ટોકરન્સીમાં ખંડણીની રકમ મેળવવાનું આયોજન કર્યું હતું.

પોલીસે પ્રેસને જણાવ્યું હતું કે, આ ઓપરેશન પાર પાડ્યા પછી આરોપીઓને કિંમતી વસ્તુઓ, રોકડ અને થાઈલેન્ડ છોડવા માટે એરલાઇન ટિકિટ આપવામાં આવી હતી.

પીડિતોને ઓછી કિંમતના સાત દિવસના હોલિડે પેકેજની લાલચ આપીને પટાયા લઈ જવામાં આવ્યા હતા.

પરંતુ અહેવાલમાં ઉમેરવામાં આવ્યું છે કે, તેના બદલે તેઓને એક ઘરમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેઓને કેટલાંક દિવસો સુધી બંધક બનાવીને રાખવામાં આવ્યા હતા અને સોમવારે સાંજે પોલીસ દ્વારા બચાવવામાં આવ્યા તે પહેલાં તેમને ટોર્ચર કરવામાં આવ્યા હતા.

# ઝેલેન્સ્કી-ટ્રમ્પ વચ્ચે વ્હાઈટ હાઉસમાં મહત્વપૂર્ણ બેઠક



**ઝેલેન્સ્કીએ** અમેરિકી સેનેટરો પાસે વધુ સહાય અને રશિયા પર કડક આર્થિક પ્રતિબંધોની માગણી કરી

**ઝેલેન્સ્કીએ** યુરોપિયન ફંડિંગ દ્વારા અમેરિકી મિસાઈલો મેળવવાની માગ કરી

વોશિંગ્ટન, તા. 29 (એપી): યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ વોશિંગ્ટનમાં વ્હાઈટ હાઉસ ખાતે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. સેનેટર લિન્ડસે ગ્રેહામના અંતિમ સંસ્કાર પહેલા યોજાયેલી આ મુલાકાત દરમિયાન બંને નેતાઓ વચ્ચે યુક્રેનમાં શક્તિશાળી પેટ્રિઅટ ડિફેન્સ સિસ્ટમનું ઉત્પાદન કરવા અને રશિયા સામેના યુદ્ધમાં સહયોગ વધારવા અંગે ચર્ચા થઈ હતી.

ઓવલ ઓફિસમાં યોજાયેલી આ બેઠક મીડિયા માટે બંધ રાખવામાં આવી હતી. આ મુલાકાત ચાલુ મહિનાની શરૂઆતમાં તુર્કીયેના અંકારા ખાતે યોજાયેલી NATO સમિટમાં થયેલી એક મહત્વપૂર્ણ બેઠક બાદ યોજાઈ હતી, જ્યાં ટ્રમ્પે જાહેરાત કરી હતી કે રશિયન મિસાઈલ હુમલાઓનો સામનો કરવા માટે અમેરિકા યુક્રેનને 'પેટ્રિઅટ' ડિફેન્સ સિસ્ટમ બનાવવાનું લાઈસન્સ આપશે જે કીવની લાંબા સમયથી ચાલી આવતી માગ હતી.

ઝેલેન્સ્કીએ આ બેઠકને અત્યંત સકારાત્મક ગણાવી આભાર માન્યો હતો, જ્યારે ટ્રમ્પે પણ આ મુલાકાતને 'મોટું સન્માન' ગણાવી હતી.

પોતાના એક દિવસીય પ્રવાસ દરમિયાન ઝેલેન્સ્કીએ લૉકહીડ માર્ટિનના અધિકારીઓ અને અમેરિકી સેનેટરો સાથે પણ બેઠકો કરી હતી. તેમણે રશિયા પર આકરા આર્થિક પ્રતિબંધો મૂકવાની અને ટૂંકા ગાળા માટે યુરોપિયન ફંડિંગ દ્વારા અમેરિકી મિસાઈલો મેળવવાની માગ કરી હતી. આ સાથે ઝેલેન્સ્કીએ દાવો કર્યો હતો કે રશિયા ઈરાનને પર્શિયન ગલ્ફમાં આવેલા અમેરિકી સૈન્ય મથકોની સેટેલાઈટ તસવીરો પૂરી પાડીને મદદ કરી રહ્યું છે.

બીજી તરફ, યુએસ સેનેટે 86-12ના બહુમતી મતથી રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને ગેસ ખરીદનારા ચીન તથા ભારત જેવા દેશો પર ટેરિફ અને પ્રતિબંધો લાદવા સંબંધિત બિલ તરફ પ્રથમ પગલું ભર્યું છે. આ બિલ દિવંગત સેનેટર ગ્રેહામને શ્રદ્ધાંજલિ રૂપે રજૂ કરવામાં આવ્યું છે.